**બંસીલાલ અમૃતલાલ કૃષિ મહાવિદ્યાલય ,આણંદ ખાતે AGRI-FEST-2018 નું અનોખુ આયોજન**

બંસીલાલ. અમૃતલાલ કૃષિ મહાવિદ્યાલય દ્વારા “રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ” ઉજવણી નિમિત્તે AGRI-FEST-2018 કાર્યક્રમ ૨૮ ફેબ્રુઆરીના રોજ યોજવામાં આવ્યો. જેમાં ૧૦ જેટલાં ઇવેન્ટસમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના ૧૩ કૉલેજનાં ૩૭૦ વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લીધો.

આ આયોજનમાં “મોડલ ડેમોસ્ટેશન”, “બેચ કે દિખા” જેવા ઇવેન્ટ્સ માટે કેન્દ્રીય આકર્ષણ રહ્યું હતું. તદઉપરાંત “ચાય પે ચર્ચા” અને “રંગોલી”, “ક્વીઝ” તેમજ “બિઝનેસ આઈડીયા” જેવા વિષયોને ધ્યાને રાખીને અન્ય પ્રવૃત્તિઓ પણ યોજવામાં આવી હતી. ડૉ. એન.સી. પટેલ, મા. કુલપતિશ્રી, આ.કૃ.યુ., આણંદ દ્વારા આ આયોજનની વિવિધ પ્રવૃતિઓની મુલાકત લેવામાં આવેલ અને વિદ્યાર્થીઓના સર્જનાત્મક વિચારોથી પ્રભાવિત થયેલ હતા વિદ્યાર્થીઓને નાના કાર્યરત મોડલ બનાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષ, ડૉ. કે.પી. પટેલે સમગ્ર કાર્યક્રમને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિના નિયામકશ્રી, ડૉ. એસ.એચ. અકબરીએ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ સમારંભમાં હાજર રહી પ્રોત્સાહિત કર્યા હતાં. વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવાનું કાર્ય વિદ્યાર્થી પ્રતિનિધિ પરિષદના ચેરમેન ડૉ. એન.જે. પટેલે અને તેમની ટીમે કરેલ હતું તથા તેનું સંકલન કૉલેજના જનરલ સેક્રેટરી શ્રી તનય શાહ અને તેની ટીમ દ્વારા કરવામાં આવેલ.

વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે આ એક અનોખી પહેલ હતી. તેનો વિદ્યાર્થીઓમાંથી ખૂબ જ સારો પ્રતિભાવ મળેલ હતો.













